# પાકિસ્તાનમાં સરબજીતનું અવસાન

નવી દિલ્હી, તા. ૨

મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા અને તાજેતરમાં જેલમાં જીવલણે હુમલો કરવામાં આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસથી ગંભીર હાલતમાં રહેલા ભારતીય નાગરિક સરબજીતસિંહનુ આજે વહેલી સવારે લાહોરની હોસ્પિટલમાં હાર્ટ અટેકનો હુમલો થયા બાદ મોત થયું હતું. આની સાથે જ ભારત સરકાર અને સરબજીતસિંહના પરિવારમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતું. ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી જેલમાં અન્ય કેદીઓ દ્વારા તેની પર હુમલો કરવામાં આવ્યા બાદ સરબજીતની હાલત ખુબ ગંભીર બનેલી હતી. તે હોસ્પિટલમાં વેન્ટીલેટર પર હતો. ગઇકાલે જ તેના પરિવારના સભ્યો તેને પાકિસ્તાનમાં હોસ્પિટલ ખાતે મળીને પરત ફર્યા હતા. સરબજીતની તબિયત પર નજર રાખી રહેલા મેડિક્લ બોર્ડના વડા મહેમુદ શૌકતે કહ્યું હતું કે સરબજીતનુ મોત થઇ ગયું છે. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે જીણા હોસ્પિટલમાં ફરજ ઉપર રહેલા તબીબ પાસેથી તેમને એક વાગે ફોન આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે સરબજીતનુ મોત થયું છે. સરબજીતની તબિયત ઉપર નજર રાખી રહેલા અને તેને સારવાર આપી રહેલા તબીબો પૈકીના અન્ય એક તબીબ` કહ્યું હતું કે હાર્ટ અટેકના કારણે તેનુ મોત થયું છે. આ તબીબે કહ્યું હતું કે અટેક થયા બાદ સરબજીતને બચાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. બીજી બાજુ ઇસ્લામાબાદમાં ભારતીય હાઇ કમીશનના અધિકારીઓએ કહ્યું હતું કે સરબજીતના મોત અંગે જીણા હોસ્પિટલના અધિકારીઓ દ્વારા તેમમે માહિતી આપવામાં આવી છે. શૌકતે કહ્યું હતું કે સત્તાવાળાઓએ હજુ સુધી સરબજીતના મૃતદેહ પર ઓટોસ્પી કરવામાં આવશે કે કેમ તે અંગે નિર્ણય કર્યો નથી. સરકાર પાસેથી આ અંગે પરવાનગી મળ્યા બાદ આ દિશામાં નિર્ણય કરવામાં આવશે. હાલના તબક્કે તેમની પાસે કોઇ પણ માહિતી નથી. કોઇ અધિકારી અન્ય માહિતી આપવાની સ્થિતીમાં પણ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે સરબજીતના પરિવારના સભ્યોને તેનો મૃતદેહ સોંપવામાં આવશે કે કેમ તે અંગે હજુ સુધી કોઇ નિર્ણય કરવામાં આવ્યો નથી. સરકાર દ્વારા લેવામાં આવનાર પગલાના આધાર પર આ અંગે નિર્ણય કરવામાં આવશે. અગાઉ દિવસમાં લાહોરમાં સત્તાવાર સુત્રોએ કહ્યું હતું કે સરબજીત હવે ઠીક ન થાય તેવી સ્થિતીમાં છે. તે બ્રેન ડેડની સ્થિતીમાં છે. સરબજીતના મોતના સમાચાર ફેલાતાની સાથે જ તેના પરિવારના સભ્યોમાં આગાતનુ મોજુ ફરી વળ્યું હતું.પાકિસ્તાનની જેલમાં હુમલો કરવામાં આવ્યાના છ દિવસ બાદ આજે સવારે સરબજીતસિંહનુ મોત થયું હતું. પાકિસ્તાનની કોટ લખપત જેલમાં ૨૬મી એપ્રિલના દિવસે તેના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. છ કેદીઓએ મળીને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ભારત સરકારે તેને વધુ સારવાર માટે વિદેશમાં ખસેડવાની માંગણી કરી હતી. માનવતાના આધારે તેને મુક્ત કરવાની રજૂઆત પણ કરી હતી. જો કે પાકિસ્તાને ભારતની માંગને સ્વીકારી ન હતી. સરબજીતના પરિવારના સભ્યો ગઇકાલે જ પાકિસ્તાનમાંથી પરત ફર્યા હતા. પરિવારના સભ્યોએ વધુ સારવાર માટે ભારતમાં તેને ખસેડવા માટે રજૂઆત કરી હતી.



**ભાજપના નેતા સુષ્મા સ્વરાજનો દાવો**

## સરબજીતની ઘાતકી હત્યા કરવામાં આવી

નવી દિલ્હી,તા. ૨

ભાજપના વરિષ્ઠનેતા સુષ્મા સ્વરાજે પાકિસ્તાનમાં ભારતીય કેદી સરબજીતના મોતને એક ઘાતકી હત્યા તરીકે ગણાવીને કહ્યુ હતુ કે તેની હત્યા કરવામાં આવી છે. કોઈ એક પડોશી દેશ કોઈની સાથે આ પ્રકારનું વર્તન કરી શકે નહીં. વિદેશમંત્રી સલમાન ખુરશીદનું કહેવું છે કે અમે ભારતીય કેદીના મોતને લઈને ખૂબજ દુઃખી અને નારાજ છીએ. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પણ કહ્યુ છે કે આ સંબંધમાં પાકિસ્તાન પાસેથી માહિતી મેળવવી જોઈએ.

## ગુનેગારોને કડક સજા કરવામાં આવશે : વડાપ્રધાન

**સરબજીતના પરિવારને ૨૫ લાખ રૂપિયા મળશે**

નવીદિલ્હી, તા. ૨

સરબજીતના પરિવારને વડાપ્રધાનના રાહત ભંડોળમાંથી ૨૫ લાખ રૂપિયા આપવામાં આવશે. વડાપ્રધાન કાર્યલાયમાંથી આજે આ પ્રકારની જાહેરાત કરવામાં આવી હતી.

વડાપ્રધાન મનમોહનસિંહે સરબજીતના મૃત્યુ અંગે ઉંડુ દુઃખ વ્યક્ત કરતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સરબજીત પર જીવલેણ હુમલો કરનારા ગુનેગારોને કડકમાં કડક સજા કરવામાં આવશે. લાહોરની કોટ લખપથ જેલમાં ૪૯ વર્ષીય ભારતીય નાગરીક સરબજીત સિંહ પર ગત ૨૬મી એપ્રિલે જેલમાં પુરાયેલા અન્ય કેદીઓએ ઇંટ અને ધારદાર હથિયારો દ્વારા જીવલેણ હુમલો કર્યો હતો. ત્યારબાદ અત્યંત ગંભીર હાલતમાં સરબજીતને જીન્ના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સરબજીત પર બોમ્બ વિસ્ફોટ અને જાસુસી કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. તે બદલ તેને ફાંસીની સજા કરવામાં આવી હતી. કેદીઓ દ્વારા કરાયેલા જીવલેણ હુમલાને કારણે પાંચથી છ દિવસ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતો સરબજીત આખરે જીંદગીનો જંગ હારી ગયો હતો.

## સરબજીતની મુક્તિ માટે બર્નીએ ૨૫ કરોડ માંગ્યા હતા : દલબીર

નવીદિલ્હી, તા. ૨

પાકિસ્તાનની જેલમાં કેદીઓ દ્વારા જીવલેણ હુમલો કરાયા બાદ સરબજીતની મુલાકાતે ગયેલા તેના બહેન દલબીર કૌરે પોતાના ભાઈની પરિસ્થિતી જોતા જ તેમની ધીરજનો બંધ તુટી ગયો હતો.

દલબીર કૌરે પાકિસ્તાન પર લાંછન લગાવતા જણાવ્યું હતું કે અંસાર બર્નીએ સરબજીતની મુક્તી માટે ૨૫ કરોડની માંગણી કરી હતી. દલબીરે પાકિસ્તાને લલકારતા જણાવ્યું હતું કે તેઓ તે તમામ 'સરબજીત માટે લડતા રહેશે જે પાકિસ્તાનની જેલમાં કેદ છે.' તે જોવે છે કે તાલીબાન તેમનું શું બગાડી લે છે ?

સરબજીતના મૃત્યુ બાદ પત્થર બની ગયેલા દલબીર કૌરે મિડિયા સમક્ષ જણાવ્યું હતું કે તેમનો ભાઈ દેશ માટે શહીદ થયો છે. સરબજીત સાથે જે કાંઇ થઈ તે હિન્દુસ્તાની હોવાને કારણે થયું છે. ૨૦૦૫થી તેઓ કહી રહ્યા છે તેમનો ભાઈ નિર્દોષ છે. દલબીરે એવો આરોપ મુક્યો હતો જીન્ના હોસ્પિટલના ડોક્ટરોએ તેમનું અપમાન કર્યું હતું. સરબજીતની તબીયત વિશે પુછતા ત્યાંના નર્સ અને ડોક્ટર મારી ઉપર હસતા હતા. તેમને હસતા જોઈને મને એવું લાગતુ હતું કે તેઓ કાંઇક છુપાવી રહ્યા છે. તેમને જાણ હતી કે સરબજીત જીવંત નથી તે પહેલા જ મૃત્યુ પામી ચુક્યો છે. દેશના તમામ હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી તેમજ રાજકિય પક્ષોએ એક જુથ થઈ જવું જોઈએ. હવે પાકિસ્તાનને જવાબ આપવાનો સમય આવી ગયો છે. પાક. કાયર છે તેની ઉપર હુમલ કરી દેવો જોઈએ. પાકિસ્તાને પહેલા વાજપેઈની પીઠમાં છરો ભોંક્યો છે અને આજે મનમોહનસિંગની પીઠમાં છરો ભોંક્યો છે.

## એર ઈન્ડિયાને બોઈંગ વળતાર આપવા તૈયાર

નવી દિલ્હી,તા. ૨

રાજ્યસભામાં આજે માહિતી આપવામાં આવી હતી કે અમેરિકાની વિમાન બનાવતી મહાકાય કંપની બોઈંગ બેટરીમાં આગના બનાવોના કારણે ડ્રીમલાઈનર વિમાનોની સેવા બંધ કરવામાં આવ્યા બાદ એર ઈન્ડિયાને વળતર આપશે. બોઈંગ વળતર આપવા માટે તૈયાર થઈ ગઈ છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન કેસી વેણુગોપાલે એક પ્રશ્નના જવાબમાં આ મુજબની માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે વળતરનું પ્રમાણ બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર ખરીદી સમજૂતિ મુજબ કરવામાં આવશે. અમેરિકન વિમાન બનાવતી કંપની અને નેશનલ કેરિયર વચ્ચે વિમાન ખરીદવા માટે સમજૂતિ કરવામાં આવી હતી.

લેખિત પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યુ હતુકે સમજૂતિમાં કેટલીક જોગવાઈઓ રહેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બોઈંગના ડ્રિમલાઈનરને લઈને ભારે હોબાળો થઈ ચુકયો છે. વિશ્વના ઘણા દેશોમાં તેની સેવા બંધ રાખવામાં આવી હતી.

## કર્ણાટકમાં ચૂંટણી પ્રચારનો અંત : પાંચમીએ ચૂંટણી થશે

કોલકત્તા,તા. ૨

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવી ગયો હતો. પાંચમી મેના દિવસે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. વિધાનસભાની ચૂંટણીને લઈને કર્ણાટકમાં તમામ રાજકીય પક્ષો પોત પોતાનીરીતે તૈયારી કરી ચુક્યા છે. કર્ણાટકની ચૂટણીમાં પણ આ વખતે સોશિયલ મીડિયાની પણ મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. મોદીએ પણ ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે તીવ્ર પ્રહારો કર્યા હતા. કર્ણાટકમાં વિધાનસભાની ૨૨૪ બેઠકો છે. કુલ ઉમેદવારોની સંખ્યા ૩૬૯૨ છે. ચૂંટણી પ્રચારનો અંત આવી ગયા બાદ હવે જુદા જુદા રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના સંબંધિત વિસ્તારોમાં જઈને



અંગતરીતે મતદારોને મળી શકે છે. કોંગ્રેસે તમામ ૨૨૪ બેઠકો પર તેના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ભાજપે ૨૨૩ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. કર્ણાટકમાં હાલ ભાજપની સરકાર છે પરંતુ ભાજપમાં આંતરિક ખેંચતાણના કારણે તેની હાલત કફોડી બનેલી છે. શાસન વિરોધી પરિબળ જવાબદાર દેખાઈ રહ્યુ છે. આવનાર દિવસોમાં ચિત્ર વધુ સ્પષ્ટ થશે. અપક્ષ ઉમેદવારની સંખ્યા ઓછી નથી.

અપક્ષ ઉમેદવારોની સંખ્યા ૧૮૯૨ હશે. કુલ મતદારોની સંખ્યા ૪૩૬૧૪૧૯૫ જેટલી નોંધાઈ છે. તમામ રાજકીય પક્ષોએ પોત પોતાની વ્યૂહરચના મુજબ પ્રચાર કરી ચુક્યા છે. કર્ણાટકની ચૂંટણી ભઆજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો વિષય છે. કોંગ્રેસે એક બાજુ ચૂંટણી પ્રચારમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને વડાપ્રધાન સહિતના તમામને મેદાનમાં ઉતાર્યા હતા જ્યારે ભાજપે સુષ્મા સ્વરાજ, નરેન્દ્ર મોદી સહિતના સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતાર્યા હતા.

## ચીનને જડબાતોડ જવાબ આપવો પડશે : સેનાધ્યક્ષ


નવીદિલ્હી, તા.૧

વાસ્તવિક નિયંત્રણરેખામાં ગેરકાયદેસર ઘુસણખોરી કરીને હજુપણ અડીયલ વલણ દાખવી રહેલાં ચીનને હવે કડક ભાષામાં સંદેશ આપવાના વિકલ્પો પર વિચારવાનું સરકારે શરૂ કરી દીધું છે. ગઈકાલે સેનાધ્યક્ષ જનરલ બિક્રમસિંઘે હાલની પરિસ્થિતિની જાણકારી આપ્યા બાદ સેના દ્વારા લઈ શકાય તેવા વિકલ્પો સંબંધિત માહિતી સુરક્ષા સમિતિને સોંપી દીધી છે. હવે સરકારને આગળ ઓપરેશન 'પરાક્રમ'ને ફરી અજમાવવાનો મોકો ઝડપી લેવો જોઈએ. ચીની સૈનિકોને હવે જડબાતોડ જવાબ આપવા સિવાય સરકાર પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી. સમાધાનનાં તમામ પ્રયત્નો પછી પણ ચીની સૈન્યનું વલણ સ્પષ્ટ કરે છે કે તેમની દાનત ખરાબ છે. ભારતે લેહ તરફ ૧૪મી બટાલિયન તૈયાર રાખી છે અને અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં સૈન્યને તૈયાર રાખ્યું છે. આ ઉપરાંત ચીની સૈન્યને જે રસ્તે સામાન વગેરેની સપ્લાય કરાય છે તે માર્ગ બંધ કરી દેવાનો વિકલ્પ સેનાધ્યક્ષે સુરક્ષા સમિતિને આપ્યો છે. આ દરમિયાન વિદેશ મંત્રી સલમાન ખુર્શીદની ચીન પ્રવાસ યાત્રામાં કોઈ ફેરફાર થયો હોવાનું જાહેર કરાયું નથી પરંતુ સુરક્ષા સમિતિ સાથેની સેનાધ્યક્ષની મુલાકાત દરમિયાન કહેવાય છે કે, ચીનને હવે જડબાતોડ જવાબ આપવાની નોબત આવી ગઈ છે.

## પહેલી જુનથી રોકડ સોનાની ખરીદી ખુબ મોંઘી બની જશે

નવી દિલ્હી,તા. ૨

પહેલી જુનથી રોકડ સોનાની ખરીદી વધારે મોંઘી થઈ જશે. પ્રાપ્ત અહેવાલ મુજબ નવા ફાયનાન્સ બિલ ૨૦૧૩માં નવી જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ હેઠળ સોનાની ખરીદી મોંઘી રહેશે. સુત્રોએ કહ્યું છે કે પહેલી જુનથી બે લાખ રૂપિયાથી વધુના સોનાની રોકડ ખરીદી પર એક ટકાનો ટેક્સ લાગુ પડશે. ફાયનાન્સ બિલ ૨૦૧૩માં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. તેમાં કરવામાં આવેલા ફેરફાર અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે કે બે લાખથી વધુના સોનાની રોકડ ખરીદી પર એક ટકાની રીતે ટેક્સ લાગુ પડશે. આવી જ રીતે પાંચ લાખ રૂપિયાથી વધુના સોનાની ખરીદી પર એક ટકાનો ટીસીએસ લાગુ પડશે. સુધારા કરવેરાની જોગવાઈ પહેલી જુન ૨૦૧૩થી મલી બનાવવામાં આવનાર છે. વર્તમાન જોગવાઈ મુજબ આ વ્યવસ્થા નથી. નાણાં મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે હાલમાં કેટલીક જુદી વ્યવસ્થા છે. નાણાં મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે કોઈ નવા કરવેરા લાગુ કરવામાં આવી રહ્યા નથી. માત્ર જુના ટેક્સને જારી રાખવામાં આવ્યા છે. આમાં સિક્કા અને અન્ય ચીજવસ્તુઓ ને જે રાહતો આપવામાં આવી છે તેને દુર કરવામાં આવી રહી છે. લોકસભામાં બિલ રજૂ કરતી વેળા નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે કહ્યું હતું કે આ રાહતથી લોકોને તેના દુરૂપયોગ કરવાની તક મળી રહી હતી. જાણકાર લોકોનુ કહેવુ છે કે જો કોઈ



વ્યક્તિ બે લાખથી વધારે કિંમતના સોનાની રોકડ ખરીદી કરવા ઈચ્છે છે તો આ ખરીદી મે મહિનામાં કરી લેવામાં આવે તે જરૂરી છે કારણ કે પહેલી જુનથી સોનાની રોકડ ખરીદી એક ટકા મોંઘી પડશે.સોનાના ભાવમાં હાલ ભારે ફેરફાર જોવા મળી રહ્યા છે. સોનાની કિંમતમાં હાલમાં ઘટાડો થયો હતો. જેના કારણે લોકોને રાહત થઈ હતી. આવનાર દિવસોમાં હવે સોનાની ખરીદી મોંઘી સાબિત થશે. લોકોને હાલમાં સાવધાન થવાની જરૂર છે.

## યુપીએ સરકાર ઓક્ટોબર પછી નહીં જ ટકી શકે : સપા

નવી દિલ્હી,તા. ૨

સમાજવાદી પાર્ટીએ આજે દાવો કર્યો હતો કે યુપીએ સરકાર ઓક્ટોબર બાદ ટકી શકશે નહીં. વહેલી ચૂંટણીની શક્યતા દેખાઈ રહી છે. ફાઈનાન્સ બિલ ૨૦૧૩ રજુ કરવામાં આવ્યા બાદ રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે કહ્યુ હતુ કે ઓક્ટોબર બાદ આ સરકાર ટકી શકે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સમાજવાદી પાર્ટી યુપીએને બહારથી ટેકો આપી રહી છે. મહત્વના મુદ્દા પર યુપીએ સરકારને ઉગારી લેનાર સમાજવાદી પાર્ટીના નેતાએ કહ્યુ હતુ કે ભારતીય પ્રદેશમાં ચીનની ઘૂસણખોરીને લઈને વડાપ્રધાન મૌન છે જે ખૂબ કમનસીબ બાબત છે. તેમણે ઉમેર્યુ હતુ કે વિશ્વ સમક્ષ ભારતે આ બાબત દર્શાવવી જોઈએ કે અમે નબળા નથી. આકરી કાર્યવાહી તાત્કાલિક ધોરણે થવી જોઈએ. જો કે તેમણે ઉમેર્યુ હતુ કે ફાઈનાન્સ બિલ મુદ્દે પક્ષ ટેકો આપશે. કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશને ખાસ ગ્રાન્ટ આપવા પગલા લેવા જોઈએ.

## વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્ર અને રેલવે બજેટને સંસદની મંજૂરી

નવીદિલ્હી, તા. ૨

સંસદમાં આજે વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્ર (બજેટ અને રેલવે બજેટને સંસદની મંજૂરી મળી ગઈ હતી. એ સાથે જ બજેટ પ્રક્રિયા પૂર્ણ થઈ છે. રાજ્યસભામાં નાણા વિધેયક, જુદા જુદા વિભાગોની માંગણીઓ અને રેલવે બજેટને ચર્ચા વિના ધ્વનીમતથી મંજૂર કરીને લોકસભાને પરત મોકલી આપવામાં આવ્યું હતું લોકસભાએ બજેટને પહેલાથી જ મંજૂરીથી મહોર મારી દીધી હતી. રાજ્યસભામાં નાણા વિકેયક, વિભિન્ન મંત્રાલયોની નાણાકીય માંગણીઓ અને રેલવે બજેટ લોકસભાને પરત મોકલતા પહેલા ભાજપ, જનતાદળ યુ અન્નાદ્રમુક, દ્રુમક બીજુ જનતાદળ અને શિવસેનાના સાંસદોએ ગૃહનો બહિષ્કાર કર્યો હતો. ભાજપ સહિત જુદા જુદા રાજકીય પક્ષોદના અગ્રણીઓએ જણાવ્યું કહું કે સરકારના વિવિધ મુદ્દાઓ અને નીતિઓનો વિરોધ કરીએ છીએ. એટલા માટે અમે અંદાજપત્ર અને રેલવે બજેટની ચર્ચામાં ભાગ લીધો નથી. પરંતુ બજેટને પસાર કરવાસામે કોઈ વિરોધ કર્યો નથી. કેમકે જો બજેટને મંજૂરી ન મળે તો બંધારણીય મુશ્કેલી ઉભી થઈ શકે તેમ હોય છે એમ સંસદમાં ચર્ચાતો જ બહિષ્કાર કર્યો હતો. નાણા વિધેયક પર થયેલી ચર્ચાઓનો ટૂંકમાં જવાબ આપતા નાણામંત્ર પી. ચિદમ્બરમે કચરચોરી કરનારઓને આડેહાથ લેતા જણાવ્યું હતું કે વધુ લોકોને ટેકસના માળખામાં લાવવા સરકારપોતાના પ્રયાસો તેજ બનાવશે. તેમજ કર બાકીદારો સામેની ઝુબેશ આદરવામાં આવશે તેમણે વધુમાં કહ્યું હતું કે સરકારના પ્રયાસોને લીધે જાન્યુ.થી માર્ચ મહીના એટલે કે ત્રણ મહિના દરમિયાન ૫૦ લાખથી વધુ લોકોને ટેકસના માળખામાં આવરી લેવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૬મી ફેબ્રુઆરીથી લોકસભામાં નાણાંમંત્રી બજેટ રજુ કરતાં જ બજેટ પ્રક્રિયા શરૂ થઈ હતી. રેલવેમંત્રી પવનકુમાર બંસલેતા. ૨૬મી ફેબ્રુઆરીએ રલવે બજેટ રજુ કર્યુંહતું.

## કોલકત્તા- રાજસ્થાનની વચ્ચે આજે રોમાંચક જંગ ખેલાશે

### રાહુલ દ્રવિડના નેતૃત્વમાં રાજસ્થાનની ટીમ નવ મેચોમાં છમાં ભવ્ય જીત સાથે ટેબલમાં હાલ ત્રીજા સ્થાન પર છે

કોલકત્તા,તા. ૨

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં આવતીકાલે શુક્રવારે રાજસ્થાન રોયલ્સ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. આ મેચનુ રાત્રે આઠ વાગ્યાથી મેક્સ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. ભારતના ભુતપૂર્વ સ્ટાર બેટ્સમેન અને દુનિયામાં ધ વોલ તરીકે જાણીતા રહેલા રાહુલ દ્રવિડના નેતૃત્વમાં રાજસ્થાનની ટીમ આ ઐતિહાસિક મેદાન પર હોટ ફેવરીટ તરીકે મેદાનમાં ઉતરશે. રાજસ્થાનની ટીમે હજુ સુધી આઈપીએલમાં નવ મેચો રમી છે જે પૈકી આ ટીમે છમાં જીત અને ત્રણમાં હારનો સામનો કર્યો છે. તેના ખેલાડીઓના ફોર્મને જોતા આવતીકાલની મેચમાં રાજસ્થાનની ટીમની સ્થિતી મજબુત દેખાઈ રહી છે. બીજી બાજુ કોલકત્તા નાઈટ રાઈડર્સના ખેલાડીઓ અપેક્ષા મુજબનો દેખાવ કરી શક્યા નથી. ટીમમાં અનેક સારા અને વિશ્વસ્તરના બેટ્સમેનો હોવા છતા ટીમ નબળી સાબિત થઈ રહી છે. રાજસ્થાનની ટીમમાં સ્ટુઅર્ટ બિન્ની, અંકિત ચવ્હાણ, બ્રેડ હોજ, શેન વોટ્સન રહાણે સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે.

તમામની નજર ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર શેન વોટ્સન પર કેન્દ્રિત રહેશે. બીજી બાજુ કોલકત્તાની ટીમે ચાહકોને નિરાશ કર્યા છે. ટીમમાં ગૌતમ ગંભીર,બ્રેટ લી, જેક કાલીસ બ્રેડ હેડીન જેવા ખેલાડીઓ હોવા છતાં ફોર્મ મેળવી શક્યા નથી. બિસલા અને ગંભીર પર તમામ બાબતો આધારિત રહેશે. કોલકત્તાની ટીમમાં યુસુફ પઠાણ અને મોર્ગન જેવા આક્રમક બેટ્સમેનો પણ છે પરંતુ ટીમ તમામ ટીમો સામે નબળી સાબિત થઈ છે. ગૌતમ ગંભીરની આગામી મેચોમાં કેપ્ટન તરીકે આકરી કસૌટી થશે. કોલકત્તામાં રમાનારી મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સુરક્ષા પાસાઓને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. કોલકત્તામાં તાજેતરમાં જુદા જુદા મામલામાં દેખાવો થઈ ચુક્યા છે

**ખજાનો** (પાના નં. ૪ નું ચાલુ)

**● પૂછું એક સવાલ...?**

(૧) ધાર્મિક. એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - મધ્યપ્રદેશનો કયો વિસ્તાર હીરાની ખાણો માટે જાણીતો છે?
જવાબ - પન્ના
(૨) મિત્ત. ડી. શાહ : સે-૨૯થી
પ્રશ્ન - ભારતનું સૌથી મોટું રણ કયાં આવેલું છે?
જવાબ - થરનું રણ (રાજસ્થાન)
(૩) કેતુલ એચ. બ્રહ્મભટ્ટ : સે-૨૮થી
પ્રશ્ન - એશિયાનું પ્રથમ વિજ્ઞાન નગરી કયાં બાંધવામાં આવી હતી?
જવાબ - ઈ.સ. ૧૯૯૭માં - કોલકાત્તા ખાતે
(૪) પટેલ ચિરાગ. એચ : સે-૨૩થી
પ્રશ્ન - ભારતની સૌથી મોટી હોસ્પિટલ 'ઇન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પીટલ' કયાં આવેલી છે?
જવાબ - દિલ્હી
(૫) પંચાલ. કેયુર. સી : સે-૧૬થી
પ્રશ્ન - સૌથી મોટો ખંડ કયો અને તેનો વિસ્તાર કેટલો છે?
જવાબ - એશિયા ખંડ - વિસ્તાર - ૪,૪૨, ૫૦,૦૦૦ કિ.મી

**● આ સપ્તાહનો સવાલ...?**

**૧૯૮૪ ના દંગામાં શીખ સમુદાયની હત્યા કેસમાં કયા નેતાને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો ?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**● સાચા જવાબો :-**

[illegible]

## પાકિસ્તાનની જેલોમાં ૨૧૫ માછીમાર અને ૫૫ નાગરિકો

નવી દિલ્હી,તા. ૨

પાકિસ્તાનની જેલમાં જીવલેણ હુમલો કરાયા બાદ ભારતીય નાગરિક સરબજીતના મોત થયા બાદ એક બાજુ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ફરી એકવાર તંગ બની ગયા છે. બીજી બાજુ કેન્દ્રિય ગૃહ મંત્રાલયે તેમના સંબધિત જેલમાં બંધ રહેલા તમામ પાકિસ્તાની કેદીઓની સુરક્ષાને મજબુત કરવા તમામ રાજ્યોને આદેશ આપી દીધો છે. સૈયદ અકબરુદીને કહ્યુ છે કે જાન્યુઆરી ૨૦૧૩માં તૈયાર કરવામાં આવેલી યાદી મુજબ પાકિસ્તાની જેલોમાં ૨૧૫ ભારતીય માછીમારો અને ૫૫ ભારતીય નાગરીક છે. જે માછીમારો સિવાયના છે. જો સરબજીત દોષિત રહ્યો હતો તો ભારત સરકારે તેની મુક્તિની માંગ કરી ન હતો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. સૈયદ અકબરુદીને કહ્યુ હતુ કે સરબજીતના ઓટોસ્પી રિપોર્ટની માંગ કરવામાં આવી છે પરંતુ સરબજીતનો ઓટોસ્પી અહેવાલ ક્યારે મળશે તે અંગે હાલમાં વાત કરવી વહેલીતકે હશે. લાહોરમાં ૩.૪૬ વાગ્યે વિમાન રવાના થયુ હતુ. વિશ્વસનીય સુત્રોએ કહ્યુ છે કે સરબજીતસિંહના મૃતદેહને લાવવામાં આવ્યા બાદ આવતીકાલે બપોરે બે વાગ્યે તેમના વતનમાં અંતિમસંસ્કાર કરાશે.